૭-મઇલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૧૫૨૯-૬-૩૨૯

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૪/૦૮/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : 'વિદ્યાર્થી વિજ્ઞાન મંથન ૨૦૨૨-૨૩' વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા બાબત.
સંદર્ભ : અંગત સચિવશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રી કાર્યાલયના પત્ર ક્રમાંક:
શિક્ષણ, વિ.પ્રૌ./PS-૧૪૭૨/૨૦૨૨, તા.૨૨/૮/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર વિજ્ઞાન પ્રસાર સંસ્થા, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, એન.સી.ઈ.આર.ટી. અને વિજ્ઞાન ભારતીના સંયુક્ત ઉપક્રમથી રાષ્ટ્રીય કક્ષાની પ્રતિભા શોધ પરીક્ષા 'વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (વીવીએમ-VVM) ૨૦૨૨-૨૩ કે જે ભારતની સૌથી મોટી સાયન્સ ટેલેન્ટ સર્ચ છે, તે યોજાનાર છે. વિદ્યાર્થી વિજ્ઞાન મંથન એ ડિજિટલ એપ્લિકેશન આધારિત પરીક્ષા છે, જે ધોરણ ૬ થી ૧૧ ના વિદ્યાર્થીઓ માટે છે. જે માટે તા.૧૫ જુલાઈ ૨૦૨૨ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ દરમિયાન www.vvm.org.in પર રજીસ્ટ્રેશન કરી શકાશે. રજીસ્ટ્રેશન ફી રૂ.૨૦૦/- છે. આ માટેનું સ્ટડી મટિરિયલ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. પરીક્ષાની તારીખ ૨૭ નવેમ્બર ૨૦૨૨ તથા ૩૦ નવેમ્બર છે. વધુ વિગતો www.vvm.org.in પરથી મેળવી લેવાની રહેશે.

ઉક્ત પરીક્ષામાં રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ કરવા તેમજ જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર અને તે સાથેના બિડાણ

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક

પરિપત્ર : 162

ક્રમાંક:યજન/ક્વિઝ /૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.25/08/2022

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક તથા ઉચ્ચત્તર મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

અંગત સચિવ

ક્રમાંક : શિક્ષણ, વિ.પ્રો./પ્ર-૯૭૨ /૨૦૨૨

મંત્રીશ્રી,
શિક્ષણ, (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ),
ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, વિજ્ઞાન અને
પ્રૌદ્યોગિકીનું કાર્યાલય
ગુજરાત રાજ્ય
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

તારીખ: 22 AUG 2022

શ્રીમાન,

બાળકોમાં કલ્પના શકિત વિકસાવવા અને વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે તે માટે વિજ્ઞાન ગુર્જરી સંસ્થા દ્વારા ધોરણ-૬ થી ૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ડિઝીટલ એપ્લીકેશન આધારિત **"વિદ્યાર્થી વિજ્ઞાન મંથન"** પ્રતિભા શોધ પરીક્ષાનું **તા.૨૭/૧૧/૨૦૨૨, રવિવાર** તથા **તા.૩૦/૧૧/૨૦૨૨, બુધવાર**ના રોજ આયોજન કરવામાં આવેલ છે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ તા.૧૫/૦૭/૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ દરમ્યાન ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે. પ્રતિભા શોધ પરીક્ષા અંગેની વધુ માહિતી સંસ્થાની વેબસાઈટ www.vvm.org.in ઉપરથી મળી રહેશે. સદર પરીક્ષાની માહિતી પ્રાથમિક તથા માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે શ્રી જીગ્નેશભાઈ બોરીસાગર, વિજ્ઞાન ગુર્જરી દ્વારા તા.૨૨/૦૮/૨૦૨૨ના પત્રથી માન. મંત્રીશ્રી સમક્ષ કરવામાં આવેલ રજૂઆત આ સાથે સામેલ છે.

**ઉક્ત રજૂઆત પરત્વે યોગ્ય ઘટતી કાર્યવાહી સત્વરે કરવા માન.મંત્રીશ્રીની આજ્ઞાનુસાર વિનંતી છે.**

આપનો વિશ્વાસુ,

(મહેશ પ્રજાપતિ)

પ્રતિ,
**સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)**
શિક્ષણ વિભાગ,
બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના :-

- **નિયામકશ્રી,**
  શાળાઓની કચેરી,
  બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- **નિયામકશ્રી,**
  પ્રાથમિક શિક્ષણની કચેરી,
  બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

કાર્યાલય ફોન : ૦૭૯-૨૩૨૫૦૧૧૧, ૨૩૨૫૦૧૧૫ (ફેક્સ) ૨૩૨૫૧૯૭૯
E-mail : min-education@gujarat.gov.in

Mail:karnavativigyangurjari@gmail.com

વિજ્ઞાન ગુર્જરી

स्वतंत्रता का अमृत महोत्सव

VIGYAN GUJARI
A Gujarat Unit of Vijnana Bharti
Swadeshi Science Movement of Gujarat
Reg. No F/1194 Anand, Year 2009
" According to The Vedas Get Good
Ideas from All Directions"

www.vigyangurjari.org.in


તા: 22.08.2022

પ્રતિ,

માનનિય શ્રી જીતુભાઇ વાઘાણી

શિક્ષણ મંત્રિ શ્રી,

ગુજરાત રાજ્ય

**વિષય: વિધાર્થી વિજ્ઞાન મંથન 2022-2023: ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા બાબત**

જય ભારત સાથે જણાવવાનું કે ઉપરોક્ત વિષયમાં ભારત સરકાર વિજ્ઞાન પ્રસાર સંસ્થા, વિજ્ઞાન તથા ટેકનોલોજી વિભાગ, એનસીઆરટી NCERT શિક્ષણ વિભાગ અને વિજ્ઞાન ભારતીના સંયુક્ત ઉપક્રમથી રાષ્ટ્રીય કક્ષાની પ્રતિભા શોધ પરીક્ષા વિધાર્થી વિજ્ઞાન મંથન (વીવીએમ- VVM) 2022-2023 યોજવામાં આવનાર છે. vvm એ ભારતની સૌથી મોટી સાયન્સ ટેલેન્ટ સર્ચ છે. વીવીએમ એ બાળકોને વિજ્ઞાનમાં રસ ઉત્પન્ન કરવા, કલ્પના શક્તિ વિકસાવવા તેમજ વિધાર્થીઓની ઉત્કૃષ્ટતાનું પાલન કરવા અંગે એક માધ્યમ પૂરું પાડે છે આ સ્પર્ધા ધોરણ છ થી ધોરણ 11 ના વિધાર્થીઓ માટે છે

વિધાર્થી વિજ્ઞાન મંથન 2022-એ ડિજિટલ એપ્લિકેશન આધારિત પરીક્ષા છે. એ ઓનલાઇન લેવામાં આવે છે આ માટે વિધાર્થીઓનુ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન તારીખ 15 જુલાઇ 2022 થી સપ્ટેમ્બર 2022 દરમિયાન થઇ શકશે. વીવીએમ માટેનું સ્ટડી મટીરીયલ 16 ઓગસ્ટ 2022 સુધીમાં વેબસાઇટ ઉપર ઉપલબ્ધ થશે. મોક ટેસ્ટ 1 નવેમ્બર 2022 થી ચાલુ થશે. પરીક્ષાની તારીખ 27 નવેમ્બર 2022 રવિવાર તથા 30 નવેમ્બર 2022 બુધવારના રોજ સવારે 10 થી સાંજના છ વાગ્યા સુધી વિધાર્થીઓ દ્વારા તેમના લોગીન આઇડી થી લોગીન થઇ અને થશે. આ પરીક્ષાનું પરિણામ 20 ડિસેમ્બર 2022 ના રોજ જાહેર થશે. પરીક્ષા શુલ્ક રૂ. 200/- છે. વધુ માહિતી માટે વીવીએમ ની વેબસાઇટ www.vvm.org.in પર જઇ મેળવી શકશો. **આ માહિતી પ્રાથમિક તથા માધ્યમિક ના વિધાર્થીઓ સુધી પહોંચે તે બદલ પરિપત્ર કરવા માટેની વિનંતી સહ**

વધુ માહિતી માટે સંપર્ક કરો:

ડો. પ્રશાંત કુંજડીયા, પ્રાંત સચિવ વિજ્ઞાન ગુર્જરી
9824252544

શ્રી મનસુખભાઈ નારીયા
સ્ટેટ કોર્ડીનેટર વીવીએમ 9426812273

શ્રી પંકજભાઈ દરજી
સ્ટેટ કોર્ડીનેટર વીવીએમ
9429080492i

જિગ્નેશ બોરિસાગર
(M- 89801 63138)

Vibha

Vigyan Prasar

NCERT

વિજ્ઞાન ગુર્જરી

# " VIGYAN GURJARI" GUJARAT ( VIBHA )

# VIDYARTHI VIGYAN MANTHAN

DIST. COORDINATOR

પ્રતિ, તા. - - ૨૦૨૨

આચાર્યશ્રી /સંચાલકશ્રી

જય ભારત સહ જણાવવાનું કે બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચિ કેળવાય તેમજ વિજ્ઞાન ક્ષેત્રે ભારતીય વૈજ્ઞાનિકોના યોગદાનથી માહિતગાર થાય તે હેતુથી દેશની શિક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રની સર્વોચ્ચ સંસ્થાઓ દ્વારા ધો. ૬ થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે સમગ્ર રાષ્ટ્રવ્યાપી સાયન્સ ટેલેન્ટ સર્ચ એકઝામ 'વિદ્યાર્થી વિજ્ઞાન મંથન(VVM) ૨૦૨૨-૨૩'નું આયોજન કરેલ છે. આ મહત્ત્વપૂર્ણ વિજ્ઞાન પ્રવૃતિમા દેશ ભરની અનેક શાળાઓ ખૂબ જ ઉત્સાહ પૂર્વક જોડાઈ રહી છે. આપની શાળાના બાળકો આ પ્રવૃતિથી અજાણ ન રહે અને તેમા ભાગ લેવાની તક મેળવી શકે તે માટે તેમને માહિતગાર કરવા અને બાળકો મોટી સંખ્યામાં જોડાય તે માટે પ્રેરીત કરવા આપશ્રીને નમ્ર વિનંતી.

VVM ડિસ્ટ્રીક કોર્ડિનેટર

c/o વિજ્ઞાન ગુર્જરી-વિજ્ઞાન ભારતી

## રાષ્ટ્રવ્યાપી સાયન્સ ટેલેન્ટ સર્ચ એકઝામ વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM)

**વિજ્ઞાન ભારતી તેમજ વિજ્ઞાન પ્રસાર(Dept.Of Sci.Tech.,New Delhi) અને NCERT (રાષ્ટ્રીય શિક્ષણ મંત્રાલય)યોજીત વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રવ્યાપી ઈન્ડિયાઝ લાર્જેસ્ટ સાયન્સ ટેલેન્ટ સર્ચ એકઝામ ઓનલાઈન લેવામાં આવશે.જેની વિગતો નીચે મુજબ છે.**

**ઈનામો :** વિજેતાઓને જુદા જુદા લેવલે પ્રમાણપત્રો,સ્મૃતિભેટ, રૂ. ૨૦૦૦થી ૨૫૦૦૦ સુધીના રોકડ ઈનામો,

**સ્કોલરશીપ :** નેશનલ વિનરને દર મહિને રૂ. ૨૦૦૦ ભાસ્કર સ્કોલરશીપ મળશે.(1y)

**ઈન્ટરશીપ :** ISRO, DRDO, CSIR, BARCજેવી રાષ્ટ્રીય વિજ્ઞાન સંસ્થાઓમાં ૩ અઠવાડીયાની વિનામૂલ્યે તાલીમ

| ધોરણ : ૬ થી ૧૧ | કુલ પેપર=૧ | કુલ માર્ક્સ =૧૦૦ | સમય = ૯૦ મિનિટ |
|---|---|---|---|

**પરીક્ષાનું માધ્યમ** : ગુજરાતી, હિન્દી,અંગ્રેજી કે ૧૦ ભારતીય ભાષાઓ પૈકી કોઈ એક ભાષા

### -રજીસ્ટ્રેશન-

તા. ૩૦-૦૯-૨૦૨૨ સુધીમાં https://www.vvm.org.in ←
પરથી રજી. ફી.૨૦૦ રૂ. ઓનલાઈન ભરીને રજીસ્ટ્રેશન કરી શકાશે.
વિદ્યાર્થીઓ વ્યકિતગત અથવા શાળામાં ગ્રુપ સાથે રજીસ્ટ્રેશન કરી શકશે

### - પરીક્ષાની તારીખ -

**તા. ૨૭ નવે. ૨૦૨૨ અથવા તા.૩૦ નવે. ૨૦૨૨ બેમાંથી કોઈપણ એક દિવસ ઓનલાઈન આપી શકશે સમય-સવારે ૧૦ થી સાંજે ૬ સુધી સ્થળ : શાળામા કે ઘેરે પરીક્ષા પધ્ધતિ : મોબાઈલ કે કોમ્પ્યુટર પર**

| અભ્યાસક્રમ | ધો. ૬ થી ૧૧ના ગણિત-વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંથી | ૫૦ માર્ક્સ |
|---|---|---|
| આ ૫૦ માર્કસનું પરીક્ષાનું સાહિત્ય https://www.vvm.org.in પરથી PDF માં મળશે. | (૧) ભારતનો વિજ્ઞાનમાં ફાળો | ૨૦ માર્ક્સ |
| | (૨)સર સી.વી રામનનું જીવન દર્શન તેમજ ભારતીય સ્વતંત્ર સંગ્રામ અને વિજ્ઞાન | ૨૦ માર્ક્સ |
| | (૩)તર્ક અને સામાન્ય જ્ઞાન | ૧૦ માર્ક્સ |
| | | કુલ=૧૦૦ |

લેવલ્સ
- → શાળા ધો. ૬ થી ૧૧ના વિદ્યાર્થીઓ શાળા કક્ષાએ ઓનલાઈન પરીક્ષામાં ભાગ લેશે તેમાથી ટોપ રેન્કર
- → રાજ્ય ધો. ૬ થી ૧૧ના દરેક ધોરણમાંથી ૨૦-૨૦ (૬x૨૦)=૧૨૦ વિજેતા રાજ્ય કેમ્પમાં ભાગ લેશે
- → રાષ્ટ્ર ધો. ૬ થી ૧૧ના દરેક ધોરણમાંથી ૦૨-૦૨ (૬x૨) =૧૨ વિજેતા નેશનલ કેમ્પમાં ભાગ લેશે

(શાળાના આચાર્ય/આયોજક શિક્ષકને પણ ડીઝીટલ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે)
વધુ માહિતી માટે VVM ડિસ્ટ્રીક કોર્ડિનેટર્સ કે સ્ટેટ કોર્ડિનેટર્સનો સંપર્ક કરવો.
મો. ૯૪૨૯૦ ૮૦૪૯૨, ૯૪૨૬૮૧૨૨૭૩,૭૬૨૧૦૯૪૪૩૬